# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16.08.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના વિદ્યાર્થીઓ માટે મફત ઓનલાઈન કોચિંગની જાહેરાત કરી.

2) સરકારે આગામી એક વર્ષમાં એક કરોડ યુવાનોને AI કૌશલ્યમાં તાલીમ આપવાનો નિર્ણય લીધો.

3) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં ગઈકાલે 80મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવનમાં સત્તાવાર સ્વાગત સમારોહ યોજાયો.

4) દેશ આજે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે.

5) કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે રાજસ્થાનના અલવર ખાતે નવા ડેરી પ્લાન્ટ સહિત 6,262 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઈ-ઉદઘાટન-શિલાન્યાસ કરશે.

6) શ્રીલંકા સામેની પહેલી ટેસ્ટમાં પહેલા દિવસે રમતના અંતે ભારત બે વિકેટે 288 રન સાથે મજબૂત સ્થિતિમાં.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-COACHING-AI-TRAINING

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના વિદ્યાર્થીઓ માટે મફત ઓનલાઈન કોચિંગની જાહેરાત કરી છે. ગઇકાલે રાષ્ટ્રને સંબોધતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ પરના નાણાકીય બોજને ઘટાડવાનો છે.

## BYTE: PM--ONLINE-FREE—COACHING

આ સાથે પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકારે આગામી એક વર્ષમાં 10 મિલિયન યુવાનોને AI કૌશલ્યમાં તાલીમ આપવાનો નિર્ણય લીધો છે. તેમણે જણાવ્યું હતું કે આ યુવાનોને વૈશ્વિક AI ક્ષેત્રમાં ભારતનું નેતૃત્વ કરવા સક્ષમ બનાવશે.

પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે, રમતગમત પ્રતિભા ધરાવતા બાળકોને ઓળખવા ગામડાઓ, શહેરો અને શાળાઓમાં પ્રતિભા શોધ અભિયાન શરૂ કરવામાં આવશે અને તેમને દેશ માટે સારા રમતવીરો બનવા માટે વિશેષ તાલીમ આપવામાં આવશે.

# PM-WOMEN-RESERVATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ રાજકીય પક્ષોને સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે અનામત લાગુ કરવાના મુદ્દાને રાજકીય રંગ ન આપવા અપીલ કરી છે.

સ્વતંત્રતા દિવસ પર લાલ કિલ્લાની પ્રાચીર પરથી રાષ્ટ્રને સંબોધતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે, તમામ પક્ષોને આગળ આવી મહિલાઓ શક્ય તેટલી વહેલી તકે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં 33 ટકા પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા આહ્વાન કર્યું.

## BYTE: PM--WOMEN

પ્રધાનમંત્રીએ કહ્યું કે, દેશની નીતિઓને આકાર આપવામાં મહિલાઓ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને સમાન તકો આપવી જોઈએ. તેમણે તમામ રાજકીય પક્ષોને મહિલા અનામતના અસરકારક અમલીકરણ માટે સાથે મળીને કામ કરવા હાકલ કરી.

# PRESIDENT - RECEPTION

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં ગઈકાલે 80મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે રાષ્ટ્રપતિ ભવનમાં સત્તાવાર સ્વાગત સમારોહ યોજાયો. આ સમારોહમાં ઉપ-રાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને કેન્દ્રીય મંત્રીઓ, રાજદ્વારીઓ અને વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં છત્તીસગઢ, ગોવા, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રની સમૃદ્ધ અને જીવંત પરંપરાગત કલા અને સંસ્કૃતિનું પ્રદર્શન કરાયું હતું.

# SURYAPATH-TIRANGA CULTURE-MINISTRY

"સૂર્યપથ તિરંગા ગ્લોબલ રિલે" ગઈકાલે પૂર્ણ થઈ છે. પૂર્વમાં ફીજીથી શરૂ થયેલી અને પશ્ચિમમાં અમેરિકામા સમાપ્ત થયેલી આ રિલે 54 દેશો અને પ્રદેશોમાંથી પસાર થઈ.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ પહેલ "દરેક ઘરમાં તિરંગા" અભિયાન હેઠળ આયોજિત કરવામાં આવી હતી. ફીજીમાં ભારતીય ઉચ્ચાયોગથી શરૂ થયેલી આ રિલે એ સમગ્ર વિશ્વમાં ત્રિરંગાનો સંદેશ પહોંચાડ્યો. સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય કોન્સ્યુલેટ ખાતે ત્રિરંગો ફરકાવવા સાથે રિલેનું સમાપન થયું. આ અવસરે 'વંદે માતરમ' ની 150મી વર્ષગાંઠની પણ ઉજવણી કરવામાં આવી.

# MANDAVIYA-INTERACT

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ ગઇકાલે નવી દિલ્હીમાં સ્વતંત્રતા દિવસની ઉજવણી દરમિયાન માય ભારત-એનએસએસ સ્વયંસેવકો સાથે વાતચીત કરી હતી. તેમણે સ્વયંસેવકોને સામાજિક સેવામાં તેમના યોગદાન બદલ પ્રશંસા કરી અને તેમને વિકસિત ભારત બનાવવાના ઉદ્દેશ્યથી શરૂ થયેલી પહેલોમાં સક્રિયપણે ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા.

આ કાર્યક્રમમાં લગભગ 500 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમે સ્વયંસેવકોને તેમના અનુભવો, વિચારો અને આકાંક્ષાઓ શેર કરવાની તક પૂરી પાડી. માંડવિયાએ રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભાગીદારી અને નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટે અર્થપૂર્ણ તકો પૂરી પાડવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# VAJPAYEE - DEATH ANNIVERSARY

દેશ આજે પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી રહ્યો છે.

વાજપેયીનું 2018માં આજના દિવસે નિધન થયું હતું. સ્વ વાજપેયીએ ત્રણ વખત દેશનું પ્રધાનમંત્રી પદ સાંભળ્યું હતું. તેમને 2015માં ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન - ભારત રત્ન - એનાયત કરવામાં આવ્યુ હતુ. તેમના સ્મારક 'સદૈવ અટલ' ખાતે આજે મહાનુભાવો દ્વારા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, તેમના નેતૃત્વએ દેશને મજબૂત બનાવ્યો. તેમનું જન કલ્યાણ પર કેન્દ્રિત સુશાસન હંમેશા દેશવાસીઓને માર્ગદર્શન આપશે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ સ્વ વાજપેયીને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, પ્રધાનમંત્રી તરીકે શ્રી વાજપેયીએ માત્ર ભારતની લોકશાહી પરંપરાઓને મજબૂત બનાવી નહીં પરંતુ તેની વિદેશ નીતિ અને વૈશ્વિક ભૂમિકાને નવી દિશા પણ આપી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સ્વ વાજપેયીને શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, તેમનું ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ અને નેતૃત્વ દરેક ભાજપ કાર્યકર્તાને રાષ્ટ્રનિર્માણ તરફ હંમેશા પ્રેરણા આપતું રહેશે.

# AMIT-SHAH-FOUNDATION-STONE

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે રાજસ્થાનના અલવરની મુલાકાત લેશે. તેઓ અલવર સરસ ડેરી સંકુલમાં નવા ડેરી પ્લાન્ટનો શિલાન્યાસ કરશે. શ્રી શાહ વિવિધ દૂધ યુનિયનોના ડેરી પ્રોસેસિંગ અને પશુ આહાર પ્લાન્ટનું ઈ-ઉદઘાટન પણ કરશે. આ મુલાકાત દરમિયાન, રાજસ્થાનના 17 જિલ્લાઓમાં 6 હજાર 262 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સનું ઈ-ઉદઘાટન-શિલાન્યાસ કરવામાં આવશે. રોજગાર ઉત્સવ હેઠળ, 10 હજાર 500થી વધુ નવા ભરતી થયેલા કર્મચારીઓને નિમણૂક પત્રો પણ આપવામાં આવશે.

શ્રી શાહ નવી કેન્દ્રીય સહકારી બેંકોની રચનાની જાહેરાત કરશે અને પ્રધાનમંત્રી પાક વીમા યોજના અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને DBT દ્વારા ભંડોળ હસ્તાંતરીત કરશે.

# JHARKHAND - PROTEST

ઝારખંડમાં ભરતી પરીક્ષાઓમા ગેરરીતિ સામે વિદ્યાર્થીઓનો વિરોધ 22માં દિવસમાં પ્રવેશ્યો છે. આંદોલનના આગામી તબક્કાના ભાગ રૂપે, વિદ્યાર્થી નેતાઓએ જાહેરાત કરી કે, મુખ્ય માંગણીઓ હજુ પણ ન ઉકેલાતા આજે તમામ જિલ્લાઓમાં મુખ્યમંત્રી હેમંત સોરેન અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના પુતળા દહન કરવામાં આવશે. વિદ્યાર્થીઓ JPSCની 11મી થી 13મી પરીક્ષાઓ અને JSSC-CGL પરીક્ષા રદ કરવાની અને CBI તપાસની માંગણી કરી રહ્યા છે.

JPSC-JSSC સુધારા મંચે રાજ્ય સરકારને 18 ઓગસ્ટ સુધીમાં સકારાત્મક પગલાં લેવા માટે આવેદન આપ્યું છે.

# NTA-ANSWER KEYS

નેશનલ ટેસ્ટિંગ એજન્સી આજે UGC-NET જૂન 2026, CSIR-NET અને ICAR અખિલ ભારતીય પ્રવેશ પરીક્ષા અને પીએચડી કાર્યક્રમો માટે પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરશે.

એજન્સીએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે, પ્રોવિઝનલ આન્સર કી સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે. એજન્સીએ ઉમેદવારોને ફક્ત એજન્સીની સત્તાવાર માહિતી પર આધાર રાખવા વિનંતી કરી છે.

# AMRIT UDYAN

અમૃત ઉદ્યાન આજથી આવતા મહિનાની 15મી તારીખ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ.......

VC: KARISHMA-HINDI

# TEST-CRICKET-INDIA

ભારતીય ક્રિકેટ ઇતિહાસની 600મી ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતનું પ્રદર્શન શાનદાર રહ્યું. ટોસ જીતી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય શ્રીલંકા સામેની પ્રથમ મેચના પહેલા દિવસે રમતના અંતે બે વિકેટે 288 રન બનાવ્યા હતા.

ગઈકાલે રમતના અંતે દેવદત્ત પડિકલ 131 અને ઋષભ પંત 27 રન પર અણનમ હતા. કેએલ રાહુલ 77 રન પર રિટાયર્ડ હર્ટ થયા હતા. વરસાદના કારણે ગઈકાલે રમત 73 ઓવર સુધી મર્યાદિત કરવામાં આવી હતી. ભારત આજે ટેસ્ટના બીજા દિવસે બે વિકેટે 288 રનથી પોતાનો પહેલો દાવ ફરી શરૂ કરશે.